ગર્ભવતી પથ્થર પર પગ મૂકીને ચાલે ત્યારે જીવ તાળવે ચોંટેલો હોય છે : પરિવારજનો

SSGના સોનોગ્રાફી વિભાગ તરફના રસ્તા પર પાણી ભરાતાં સગર્ભાઓને જોખમ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭ મધ્ય ગુજરાતની સૌથી મોટી અને 'સયાજી હોસ્પિટલ' તરીકે ઓળખાતી આરોગ્ય સંસ્થા ફરી એકવાર પોતાની ઘોર બેદરકારીના કારણે વિવાદમાં આવી છે. હોસ્પિટલના પ્રાંગણમાં આવેલ ગર્ભવતીઓના સોનોગ્રાફી વિભાગ તરફ જવાનો માર્ગ હાલ કોઈ હોસ્પિટલનો રસ્તો નહીં, પરંતુ એક 'જોખમી અવરોધ કોર્સ' જેવો બની ગયો છે. નજીવા વરસાદમાં જ અહીં તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે, જ્યાં ગર્ભવતી મહિલાઓને પથ્થરના ટુકડાઓ પર સંતુલન જાળવીને જીવના જોખમે પસાર થવું પડે છે. સોનોગ્રાફી વિભાગમાં જવા માટેના રસ્તા પર ભરાયેલું પાણી અને ગટરના નિકાલની યોગ્ય વ્યવસ્થાનો અભાવ હોસ્પિટલ તંત્રના 'વહીવટી લકવા'ને છતો કરે છે. શું હોસ્પિટલને કોઈ મોટી દુર્ઘટનાની રાહ છે ?

જો કોઈ સગર્ભાનો પગ લપસી જાય અને તેને કે બાળકને ઈજા પહોંચે, તો તેની નૈતિક અને વહીવટી જવાબદારી કોણ સ્વીકારશે ? PIU અને હોસ્પિટલ તંત્ર વચ્ચે આંધળી દોટ. આ અંગે જ્યારે આરએમઓ ડો. હિતેન્દ્ર ચૌહાણનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે હંમેશાની જેમ 'પીઆઈયુ વિભાગને જાણ કરી દીધી છે' તેવું રટણ કરીને પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. દર્દીઓના સગાઓ આક્રોશ વ્યક્ત કરતા જણાવે છે કે, અમે અહીં સારવાર માટે આવ્યા છીએ કે કસરત કરવા ? ગર્ભવતી મહિલાઓ પથ્થર પર પગ મૂકીને ચાલે ત્યારે તેમનો જીવ તાળવે ચોંટેલો હોય છે.

મહિલા સોનોગ્રાફી માટે સયાજી હોસ્પિટલ આવ્યા હતાં

ડેપોમાં વૃદ્ધને હૃદયરોગનો હુમલો, તો SSGમાં મહિલા બેભાન થયાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.7 શહેરના સેન્ટ્રલ બસ ડેપો ખાતે એક ૬૨ વર્ષીય પ્રૌઢને અચાનક છાતીમાં દુખાવો ઉપડતા ગભરામણ થવા લાગી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના રાઠોડ ફળિયામાં રહેતા નટુભાઈ ભાઈજીભાઈ સોલંકી ગત રાત્રે આશરે ૧૦:૩૦ વાગ્યાના સુમારે કોઈ કામસર સેન્ટ્રલ બસ ડેપો ખાતે પહોંચ્યા હતા. તે દરમિયાન અચાનક તેમને છાતીમાં તીવ્ર દુખાવો અને ગભરામણ અનુભવાતા તેઓ ત્યાં જ ફસડાઈ પડ્યા હતા.

આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ૧૦૮ ની ટીમે નટુભાઈની પ્રાથમિક તપાસ કરી તેમને ગંભીર સ્થિતિમાં સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

બીજી એક ઘટનામાં, ગોત્રી વિસ્તારમાં રહેતી એક મહિલા સયાજી હોસ્પિટલની મુલાકાત દરમિયાન અચાનક બેભાન થઈ જતા દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ગોત્રી સ્વામિનારાયણ મંદિર નજીક આવેલા દેવનગરમાં રહેતા ૪૪ વર્ષીય કિરણબેન દેવુભાઈ રાઠોડ ચેપી રોગની સારવારના ભાગરૂપે સોનોગ્રાફી કરાવવા માટે સયાજી હોસ્પિટલમાં આવ્યા હતા.

હોસ્પિટલ પરિસરમાં પહોંચ્યા બાદ કિરણબેન અચાનક બેભાન થઈ ગયા હતા. મહિલાને અચાનક બેભાન થયેલી જોઈને હોસ્પિટલના સ્ટાફ અને ત્યાં હાજર લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ફરજ પરના તબીબોએ તાત્કાલિક તેમને સારવાર હેઠળ લીધા હતા. હાલ મહિલાની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના વારસાથી પરિચિત કરાયા

MSUની આર્ટ્સ ફેકલ્ટીમાં નવા વિદ્યાર્થીઓ માટે હેરીટેજ વોક

ડીન ઓફિસથી સેન્ટ્રલ લાયબ્રેરી સુધીની વિદ્યાર્થીઓને માહિતી અપાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત ફેકલ્ટી ઓફ આર્ટ્સ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27ના નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે વિશેષ હેરીટેજ વોકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વોકનો મુખ્ય ઉદ્દેશ્ય નવા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના ભવ્ય વારસા, ઈતિહાસ અને વિવિધ વિભાગોથી પરિચિત કરાવવાનો હતો. એમ.એસ.યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ભાલચંદ્ર ભણગે હેરિટેજ વોકમાં વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આર્ટ્સ ફેકલ્ટીના તમામ વિભાગોના પ્રોફેસરો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. ફેકલ્ટી ઓફ આર્ટ્સના ડીન કલ્પના ગવલીએ માહિતી આપતા જણાવ્યું કે, દર વર્ષે નવા વિદ્યાર્થીઓ માટે આ પ્રકારની હેરીટેજ વોકનું આયોજન કરીએ છીએ. યોજાયેલી વોકમાં અંદાજે 800 થી 900 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વોક દરમિયાન વિદ્યાર્થીઓને ફેકલ્ટીના વિવિધ વિભાગો, ડીન ઓફિસ તેમજ સેન્ટ્રલ લાયબ્રેરી ક્યાં આવેલી છે તેની સવિસ્તાર માહિતી આપવામાં આવી હતી, જેથી તેમને કેમ્પસમાં કોઈ મુશ્કેલી ન પડે. યુનિવર્સિટીના ભવ્ય ગુંબજ અને સ્થાપત્યની વચ્ચે યોજાયેલી આ હેરીટેજ વોક નવા વિદ્યાર્થીઓ માટે એક યાદગાર અનુભવ બની રહી હતી.

સીટી સ્કેન, સોનોગ્રાફી અને એક્સ-રે વિભાગમાં ઉકળાટથી દર્દી-સ્વજનો પરેશાન

સયાજી હોસ્પિટલમાં પંખાના અભાવે દર્દીઓ ગરમીમાં તડપ્યા, હાથથી પવન નાંખતા દેખાયા

વાયરલ વીડિયોમાં સ્વજનો દર્દીઓને હાથથી પવન નાખતા દેખાયા, તાત્કાલિક પંખા મુકવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.7 વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર સુવિધાના અભાવે ચર્ચામાં આવી છે. હોસ્પિટલના તાત્કાલિક સારવાર વિભાગ નજીક આવેલા સીટી સ્કેન, સોનોગ્રાફી અને એક્સ-રે વિભાગમાં પંખાની પૂરતી વ્યવસ્થા ન હોવાથી દર્દીઓ અને તેમના સ્વજનોને ભારે ગરમી અને ઉકળાટ વચ્ચે રાહ જોવી પડી રહી છે. ગંભીર બીમારીઓથી પીડાતા દર્દીઓ માટે આ સ્થિતિ વધુ કષ્ટદાયક બની રહી છે.

સીટી સ્કેન અને સોનોગ્રાફી જેવી તપાસ માટે આવતા દર્દીઓ પહેલેથી જ શારીરિક અને માનસિક રીતે નબળા હોય છે. પરંતુ તપાસ વિભાગમાં પંખાના અભાવે વાતાવરણ ભઠ્ઠી જેવું બની જતાં દર્દીઓ ગરમીથી અકળાઈ રહ્યા છે. રાહ જોતા દર્દીઓ અને તેમના પરિવારજનોને પ્રાથમિક સુવિધાના અભાવનો સામનો કરવો પડી રહ્યો છે.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં દર્દીના સ્વજનો હાથમાં ફાઈલ અને રૂમાલ લઈને દર્દીને પવન નાખતા જોવા મળ્યા હતા. આ દૃશ્ય બાદ હોસ્પિટલની સુવિધાઓ અંગે અનેક સવાલો ઊભા થયા છે. કરોડોના બજેટ અને આધુનિક સારવારના દાવા કરતી હોસ્પિટલમાં સામાન્ય પંખાની વ્યવસ્થા પણ ન હોવાની ચર્ચા લોકોમાં ચાલી રહી છે.

સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે હોસ્પિટલનું વહીવટી તંત્ર તાત્કાલિક સ્થિતિનું નિરીક્ષણ કરી જરૂરી પંખા અને અન્ય મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ કરાવે.

ડાયમંડ પાવરને ૪૩૫.૭૧ કરોડનો મેગા ઓર્ડર

વડોદરાઃવડોદરાની ડાયમંડ પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (DICABS)ને એલ એન્ડ ટી, સ્ટર્લિંગ એન્ડ વિલ્સન અને બ્લુ સ્ટાર તરફથી હૈદરાબાદના 310 મેગાવોટ HYD22-HYD26 ડેટા સેન્ટર પ્રોજેક્ટ માટે હાઈ ટેન્શન અને લો ટેન્શન પાવર કેબલ્સના સપ્લાયનો 435.71 કરોડનો ઓર્ડર મળ્યો છે. આ ઓર્ડર હેઠળ કંપની આશરે 21.35 લાખ મીટર (2,100 કિમીથી વધુ) કેબલ્સનો સપ્લાય કરશે. ડિલિવરી ઓગસ્ટ 2026ના પ્રથમ સપ્તાહથી શરૂ થઈ તબક્કાવાર માર્ચ 2027 સુધી પૂર્ણ થશે. કંપનીના જણાવ્યા મુજબ, ભારતના ડેટા સેન્ટર ક્ષેત્રમાં પાવર કેબલ્સ માટે મળેલા સૌથી મોટા સિંગલ સપ્લાય ઓર્ડરમાં આનો સમાવેશ થાય છે. કંપનીના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ (સેલ્સ એન્ડ માર્કેટિંગ) ઉમેશ છૈયાએ જણાવ્યું કે, આ ઓર્ડર કંપનીની ઉત્પાદન ક્ષમતા, ગુણવત્તા અને સમયસર સપ્લાય કરવાની વિશ્વસનીયતાની સાબિતી છે.

પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે મંથન, નવા ચહેરાઓને તક મળવાની શક્યતા

વડોદરા APMC ચૂંટણી, સાવલી અને શિનોર માટે ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭ વડોદરા જિલ્લાના કૃષિ ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો વધી ગયો છે. વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે આજે સિનોર અને સાવલી APMC ની આગામી ચૂંટણીઓના સંદર્ભમાં 'સેન્સ' પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે યોગ્ય ઉમેદવારોની પસંદગી કરવાનો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાવલી APMC ની ચૂંટણી આગામી ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનાર છે, જ્યારે સિનોર APMC ની ચૂંટણી ૧૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાશે. આ ચૂંટણીઓમાં પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દા માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આજે વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નિરીક્ષકો પહોંચ્યા હતા. જેમાં વડોદરાના પૂર્વ ધારાસભ્ય સીમાબેન મોહિલે અને ભરૂચના પૂર્વ ભાજપ અધ્યક્ષ મારુતીસિંહજી અટોદરિયા મુખ્યત્વે ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષકોએ તમામ ડિરેક્ટરોની રૂબરૂ મુલાકાત લઈ તેમની રજૂઆતો સાંભળી હતી અને ઉમેદવારોના નામો અંગે તેમના અભિપ્રાયો લીધા હતા. આ પ્રક્રિયા દરમિયાન પક્ષના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે, APMC માં જેમણે બે ટર્મ પૂર્ણ કરી લીધી છે, તેમને ફરીથી તક આપવામાં આવશે નહીં. પાર્ટીનો આશય નવા અને સક્ષમ ઉમેદવારોને તક આપવાનો છે.

વડોદરામાં ટ્રાફિક સિગ્નલો ફરી નિયમિત

વડોદરા : વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત અને ગરમીમાં નોંધપાત્ર ઘટાડા બાદ શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો ફરી નિયમિત રીતે કાર્યરત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વડોદરાના પોલીસ કમિશનરના આદેશ અનુસાર ઉનાળાની પ્રચંડ ગરમી અને હીટવેવ દરમિયાન નાગરિકોને તડકામાં લાંબા સમય સુધી સિગ્નલ પર ઊભા ન રહેવું પડે તે માટે બપોરે 12થી સાંજે 4 વાગ્યા સુધી ટ્રાફિક સિગ્નલો બંધ રાખવામાં આવતા હતા. હવે હવામાનમાં સુધારો અને ચોમાસાની ઋતુ શરૂ થતાં શહેરમાં વાહનોની અવરજવર વધુ સુવ્યવસ્થિત રહે તેમજ માર્ગ સલામતીમાં વધારો થાય તે હેતુથી આજથી બપોરના સમયે પણ તમામ ટ્રાફિક સિગ્નલો નિયમિત રીતે ચાલુ રહેશે. પોલીસે વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા, સિગ્નલનું કડક અનુસરવા કરવા અને સુરક્ષિત વાહનવ્યવહાર જાળવવા અપીલ કરી છે.

બાજુમાં આવેલી શાળાના ક્લાસરૂમ સુધી પહોંચી વૃક્ષોની ડાળીઓ

પશુપાલન શાખાની ખંડેર બિલ્ડિંગ પાસે ગીચ ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય

ચોમાસામાં ઝેરી જીવજંતુઓથી વિદ્યાર્થીઓના જીવ પર જોખમ, ડીડીઓને આવેદનપત્ર અપાયું

વડોદરાઃ શહેરના મધ્યમાં આવેલા નાગરવાડા મુખ્ય રસ્તા પર તેમજ કારેલીબાગ પોલીસ સ્ટેશનની સામે પશુપાલન શાખાની જૂની ઈમારત આવેલી છે. આ બિલ્ડિંગ પાસે સમયસર વૃક્ષોની ડાળીઓ ન કપાવાના કારણે હાલ ત્યાં એક અત્યંત ગીચ જંગલ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે, જેના લીધે નજીકમાં આવેલી શાળાના વિદ્યાર્થીઓના માથે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ, દાયકાઓ પહેલા જ્યારે જિલ્લા પંચાયત અસ્તિત્વમાં આવી હશે ત્યારે આ બિલ્ડિંગના બગીચામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પરંતુ તંત્ર દ્વારા સમયાન્તરે આ વૃક્ષોની છાંટણી કે ડાળીઓ કાપવાની કોઈ તકલીફ લેવામાં ન આવતા, આજે આ સ્થળ ઝાડી-ઝાંખરાના ગીચ સામ્રાજ્યમાં ફેરવાઈ ગયું છે. પશુપાલન શાખાની નવી ઈમારત બની ગયા બાદ, આઠ-દસ રૂમ ધરાવતી આ જૂની બિલ્ડિંગ સંપૂર્ણપણે ખંડેર અને જર્જરિત હાલતમાં ફેરવાઈ ગઈ છે. આ ગીચ ઝાડીઓની ડાળીઓ બાજુમાં જ આવેલી 'જીવન સાધના શાળા'ના ક્લાસરૂમની બારીઓ સુધી પહોંચી ગઈ છે. ચોમાસાની શરૂઆત થતાં જ આ વિસ્તારમાં મચ્છરોનો અસહ્ય ઉપદ્રવ વધી ગયો છે. આ ઉપરાંત ગીચતાના કારણે સાપ જેવા ઝેરી સરિસૃપો અને અન્ય જળચર જીવજંતુઓ બારી વાટે સીધા શાળાના ક્લાસરૂમમાં પ્રવેશે તેવી દહેશત ઊભી થઈ છે. કોઈ અકસ્માત કે જાનહાનિ સર્જાશે તો જવાબદારી કોની, તેવો સવાલ સ્થાનિકો અને વાલીઓ ઉઠાવી રહ્યા છે. આ ગંભીર સમસ્યા અંગે જીવન સાધના શાળાના શિક્ષક હસમુખભાઈ પાઠકે વડોદરા જિલ્લા વિકાસ અધિકારીને રૂબરૂ મળીને આવેદનપત્ર સુપરત કર્યું છે અને તાત્કાલિક સફાઈ કામગીરી કરવા માંગ કરી છે. એક તરફ પ્રિ-મોન્સૂનની વાતો કરવામાં આવે છે, ત્યારે જિલ્લા પંચાયતના જ નાક નીચે ઊભી થયેલી આ બિસ્માર સ્થિતિ આરોગ્ય ખાતાની ઘોર બેદરકારી અને કથળેલું તંત્ર ઉજાગર કરે છે. શાળાના નિર્દોષ બાળકોના જીવના જોખમે તંત્ર ક્યારે જાગશે તે જોવાનું રહ્યું.

પાંચ વર્ષથી ફરાર બે ડ્રગ્સ સપ્લાયર ઝબ્બે

વડોદરા : હરણી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022માં નોંધાયેલા મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં છેલ્લા પાંચ વર્ષથી ફરાર રહેલા બે આરોપીઓને મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી શોધી કાઢી ઝડપી લેવામાં આવ્યા છે. બંને આરોપીઓને વધુ તપાસ માટે હરણી પોલીસને સોંપવામાં આવ્યા છે. હરણી વિસ્તારમાંથી ઝડપાયેલા ડ્રગ્સ કેસમાં ક્રાઈમ બ્રાન્ચની ફરાર બે આરોપીઓની ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં છુપાયા હોવાનું જાણવા મળ્યું હતું જેથી ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ બે ટીમ ત્યાં પહોંચી હતી અને વોચ ગોઠવી બંને આરોપીઓને ઝડપી લેવામાં સફળતા મળી હતી.

આરોપી રિયાઝ શેરજમાલ પઠાણ (રતલામ, હાલ નિબાડા, રાજસ્થાન) અને સાજીદ ઉર્ફે લાલા સાબીર હુસેન (રતલામ, હાલ ચિત્તોડગઢ, રાજસ્થાન) ની પૂછપરછમાં બંનેએ વર્ષ 2022માં હરણી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા NDPS કેસમાં ડ્રગ્સ સપ્લાયર તરીકે સંડોવણી કબૂલી હોવાનું પોલીસે જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે 13 જૂન, 2022ના રોજ દરજીપુરા RTO રોડ પરથી પોલીસે 81.040 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ, રોકડ રકમ, મોબાઈલ ફોન, ડિજિટલ વજન કાંટો અને કાર સહિત કુલ રૂ.12.08 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો) મહારાષ્ટ્ર - 400072
ગોધરા શાખાઃ દુકાન નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત)

પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાણમાં લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે અધોસ્વાક્ષરકર્તાએ, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓ/જામીનદારોને સદરહુ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલી રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(ઓ) જાહેર કરી હતી.
ઉધાર લેનાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી ઉધાર લેનાર(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોસ્વાક્ષરકર્તાએ સદરહુ એક્ટની કલમ 13ની પેટા-કલમ (4) સાથે વંચાણમાં લેતા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે. ઉધાર લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે. ખાસ કરીને ઉધાર લેનાર અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર અહીં નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજ માટે AHFLના બોજાને આધીન રહેશે.

ક્રમ નં.	ઉધાર લેનાર(ઓ)/સહ-ઉધાર લેનાર(ઓ)નું નામ (શાખાનું નામ)	સુરક્ષિત અસ્કયામતનું વર્ણન (સ્થાવર મિલકત)	માંગણી નોટિસની તારીખ અને રકમ	કબજાની તારીખ
1	(લોન કોડ નં. 17610000304/ ગોધરા શાખા) શંકરભાઈ ચિમનભાઈ ચૌધરી (ઉધાર લેનાર) અમિતાબેન ચૌધરી (સહ-ઉધાર લેનાર)	પ્લોટ નં. 33, ગ્રાઉન્ડ ફ્લોર મકાન નં. 33, શિવ-વાટિકા-2 કંજરી, તા-કંજરી (ભાગ), સબ ડિસ્ટ્રિક્ટ હાલોલ, જી-પંચમહાલ, ગુજરાત-389350 વાળી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્દિશાઃ પૂર્વ- પ્લોટ નં. 32, પશ્ચિમ- પ્લોટ નં. 34, ઉત્તર- ખુલ્લો રોડ, દક્ષિણ- પ્લોટ નં. 20	14-04-2026 ₹ 21,36,354/-	06-07-2026
2	(લોન કોડ નં. 17610000283/ ગોધરા શાખા) જયેશકુમાર પરમાર (ઉધાર લેનાર) ગણપતભાઈ પરમાર (સહ-ઉધાર લેનાર)	પ્લોટ નં. 48, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર, મકાન નં. 48, શ્રદ્ધા રેસીડેન્સી પાર્ટ-2, મુ-સાથરોટા, તા-કાલોલ, જી-પંચમહાલ, ગુજરાત-389365 વાળી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્દિશાઃ પૂર્વ- પ્લોટ નં. 47, પશ્ચિમ- પ્લોટ નં. 48/1, ઉત્તર- સોસાયટી આરસીસી રોડ, દક્ષિણ- પ્લોટ નં. 58	14-04-2026 ₹ 15,26,830/-	06-07-2026
3	(લોન કોડ નં. 17610000236/ ગોધરા શાખા) ગણપત કાનાભાઈ તળાર (ઉધાર લેનાર) પુનીબેન તળાર અને કાનસિંહ તળાર (સહ-ઉધાર લેનારાઓ)	પ્લોટ નં. 206/A, ગ્રાઉન્ડ ફ્લોર મકાન નં. 206/A, શિવાશિષ પાર્ક સોસાયટી, હાલોલ આરાદ રોડ, મુ અને તા-હાલોલ, જી-પંચમહાલ, ગુજરાત-389120 વાળી મિલકતનો તમામ ભાગ અને હિસ્સો. ચતુર્દિશાઃ પૂર્વ- 6 મીટર રોડ, પશ્ચિમ- પ્લોટ નં. 191-Aની મિલકત, ઉત્તર- પ્લોટ નં. 205-B ની મિલકત, દક્ષિણ- પ્લોટ નં. 206-B ની મિલકત	14-04-2026 ₹ 11,25,634/-	06-07-2026

સ્થળઃ ગુજરાત અધિકૃત અધિકારી
તારીખઃ 08.07.2026 આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

DGVCL

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office: 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for Tender for "ARC for supply of Office stationary for DGVCL Corporate office, Surat". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

Sr.No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Corp/Civil/Stationary/2026/308	Rs.590000.00 (Incl. GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender.
ACE (P), DGVCL, Surat.

દુઃખદ અવસાન - બેસણું

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી
શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા (પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર)
નું દુઃખદ અવસાન તા.૦૫-૦૭-૨૦૨૬, રવિવારના રોજ થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું : તા.૧૨-૦૭-૨૦૨૬, રવિવારના રોજ સમય બપોરે ૧૨:૦૦ થી ૦૪:૦૦ સુધી રાખેલ છે.
સ્થળ : શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ કેમ્પસ, તારાપુર રોડ, મુ.પો.તા.જેતપુર પાવી, જી.છોટાઉદેપુર - ૩૯૧૧૬૦.
લી. પર્વતભાઈ ગમજીભાઈ રાઠવા
રણજીતસિંહ મોહનસિંહ રાઠવા (ડિરેક્ટર - બરોડા ડેરી, પૂર્વ પ્રમુખ - વડોદરા જી.પંચાયત)
રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (ધારાસભ્યશ્રી - ૧૩૭ - છોટાઉદેપુર વિધાનસભા)
જીતેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (કો- ઓર્ડીનેટર - વનવાસી સેવા સમાજ ટ્રસ્ટ)
ચંદ્રિકાબેન રણજીતસિંહ ચૌહાણ (પુત્રી-જમાઈ)
નિરવસિંહ આર. રાઠવા, કશ્યપ આર. રાઠવા, યુવરાજ જે. રાઠવા
લોકેશનમાટે
રાઠવા પરિવારના સૌને પ્રણામ

મંજુસરમાં યુવાને ફિનાઈલ પી લેતા સારવાર હેઠળ

સોમવારે રાત્રે આશરે ૮:૩૦ વાગ્યાના સુમારે મંજુસરના વતની એવા ગોપાલ દિલીપભાઈ નાયક ઉ.વ. ૨૫ નામના યુવાન પોતાના ઘરે હતો. તે દરમિયાન ફીનાઈલ પી લેતા સારવાર હેઠળ ખસેડાયા હતાં.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)
CIN: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ કેઆરએમ ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031, ફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા સેક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણમાં લેતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના અધિકૃત અધિકારી હોવાને નાતે એક માંગણી નોટિસ તારીખ ૨૬.૦૨.૨૦૨૬ના રોજ જારી કરીને કરજદાર, સહ-કરજદારો અને જામીનદારો ૧. પરમાર ભરતસિંહ ૨. પરમાર કૈલાસબેનને નોટિસમાં જણાવેલી રકમ રૂ. ૪,૯૪,૭૭૬.૭૬/- (અંકે રૂપિયા ચાર લાખ ચોરાણું હજાર સાતસો છ્યોતેર અને છ્યોતેર પૈસા પૂરા) જે તારીખ ૨૪.૦૨.૨૦૨૬ના રોજ થતી હતી, તે ઉક્ત માંગણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવ્યું હતું.
કરજદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી કરજદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ સાથે વંચાણમાં લેતા આ એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને આજે તા. ૦૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ અહીં નીચે વર્ણવેલી મિલકતનો કબજો લીધો છે.
ખાસ કરીને કરજદારોને અને સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈ પણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)ના રૂ. ૪,૯૪,૭૭૬.૭૬/- (અંકે રૂપિયા ચાર લાખ ચોરાણું હજાર સાતસો છ્યોતેર અને છ્યોતેર પૈસા પૂરા) ની રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતો (મિલકતો) છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, કરજદારનું ધ્યાન એક્ટની કલમ ૧૩ની પેટા-કલમ (૮)ની જોગવાઈઓ તરફ આકર્ષિત કરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

એ તમામ ટુકડો અને ભાગ જે ગ્રામ પંચાયત મિલકત નં. ૧/૯૬/૩ ધરાવતું પાકું રહેણાંક મકાન છે, જે ગામતળ જમીનમાં આવેલું છે, મિલકતનું ક્ષેત્રફળ ૫૯૮.૦૦ ચોરસ ફૂટ છે, જે ગામઃ ગોરજ (ડોલાપુરા), તાલુકોઃ વાઘોડિયા, જિલ્લોઃ વડોદરા, ગુજરાત-૩૯૧૭૬૧ ખાતે આવેલું છે, અને જેની સીમાઓ નીચે મુજબ છેઃ પૂર્વઃ પોતાનો વાડો પશ્ચિમઃ જાહેર રસ્તો ઉત્તરઃ બળવંતસિંહ કાળુનું મકાન દક્ષિણઃ અર્જુનભાઈ સોમાભાઈનું મકાન

સહી/-
અધિકૃત અધિકારી
તારીખઃ ૦૩-૦૭-૨૦૨૬ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
સ્થળઃ ગુજરાત (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને
લોન એકાઉન્ટ નંઃ ૧૧૨૧૦૮૦૭૯ આઈડીએફસી બેંક લિમિટેડ સાથે સંયોજિત)

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ. Aadhar Housing Finance Ltd
કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. ૪૦૦૦૭૨
ગોધરા શાખાઃ દુકાન નંબર ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧

ઈ-હરાજી વેચાણ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ (૬)ની જોગવાઈઓ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.
આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને ઉધાર લેનાર(ઓ) અને જામીનદાર(ઓ)ને નોટિસ આપવામાં આવે છે કે, નીચે દર્શાવેલી ગીરો મૂકેલી સ્થાવર મિલકત, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં", "જેમ છે જે સ્થિતિમાં છે" અને "જે કંઈ પણ છે"ના ધોરણે કોઈપણ અજાણ્યા બોજા વિના કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

ક્રમ	ઉધાર લેનાર(ઓ)/સહ-ઉધાર લેનાર(ઓ)/ જામીનદાર(ઓ)	માંગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (RP)	EMD (RP ના ૧૦%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. ૧૭૬૧૦૦૦૦૧૮૫/ ગોધરા શાખા) કિરણસિંહ બળવંતસિંહ ખેર (ઉધાર લેનાર) વર્ષાબેન કિરણસિંહ ખેર (સહ-ઉધાર લેનાર)	11-08-2025 ₹ 3,62,790/-	મિલકતનો તમામ ભાગ અને હિસ્સો જે ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર ધરાવે છે, મકાન નં. ૪૧, મંદિર વાળું ફળિયું, અડાદરા થી દાંતોલ રોડ, દાંતોલ, પંચમહાલ, ગુજરાત (GJ). ૩૮૯૩૪૧, સીમાઓઃ પૂર્વઃ વીરેન્દ્રસિંહ પ્રવીણસિંહનું મકાન, પશ્ચિમઃ જીવતસિંહ ભરતસિંહનું મકાન, ઉત્તરઃ ખુલ્લી જમીન, દક્ષિણઃ જાહેર આરઆરસી રોડ.	Rs. 4,88,700/-	Rs. 48,870/-	પ્રત્યક્ષ

૧. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલી શરતો અને નિયમો (ટેન્ડર દસ્તાવેજો) સાથે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)નો ડીડી સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૭-૦૭-૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ અસ્વીકાર કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૨. મિલકત માટે બિડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ) ૨૮-૦૭-૨૦૨૬ ના રોજ બપોરે ૩:૦૦થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી https://bankeauctions.com પર રહેશે.
3. ઉપર જણાવ્યા મુજબ મિલકત પર બાકી રહેલી કોઈપણ પ્રકારની જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. મિલકતની હરાજી 'જ્યાં છે ત્યાં', 'જેમ છે જે સ્થિતિમાં છે' અને 'જે કંઈ પણ છે' તે આધારે કરવામાં આવશે.
૪. ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) માત્ર 'Aadhar Housing Finance Limited'ના પક્ષમાં જ બનાવવો જોઈએ.
૫. હરાજી/બિડિંગ માત્ર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બિડિંગ" માધ્યમથી જ થશે. બિડરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈ-હરાજી વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટનો અભ્યાસ કરે.
૬. ઈચ્છુક બિડરોએ પોર્ટલ M/s C 1 INDIA PVT LTD પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા પોતાના નામ રજીસ્ટર કરવાના રહેશે, અને તેમના યુઝર આઈડી અને પાસવર્ડ વિના મૂલ્યે મેળવવાના રહેશે. સંભવિત બિડર સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી અંગે ઓનલાઈન તાલીમ મેળવી શકે છે.
૭. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી અમિતકુમાર સોની (સંપર્કઃ ૯૯૧૩૩૩૩૨૧૪) અથવા સેવા પ્રદાતા M/s C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઈલ નંબરઃ +૯૧-૭૪૧૮૨-૮૧૭૦૯, ઈ-મેલઃ in@c1india.com અને support@bankeauctions.com, ફોન નંબર +૯૧૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬નો સંપર્ક કરો. આજની તારીખ સુધી, AHFL/AHFL ના અધિકૃત અધિકારીને ઉપરોક્ત સ્થાવર મિલકતો/સુરક્ષિત અસ્કયામતો વેચવા, હસ્તાંતરિત કરવા અને/અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ મનાઈહુકમ કે કોર્ટનો સ્ટે ઓર્ડર નથી.
૮. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને સિક્યોર્ડ ક્રેડિટરની વેબસાઇટ એટલે કે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL) ની વેબસાઇટ www.aadharhousing.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.
૯. હરાજી માટે બિડ વધારવાની રકમ રૂ. ૧૦,૦૦૦/- છે.
૧૦. આ અખબાર પ્રકાશન અને તેમાં રહેલો ડેટા સામાન્ય જનતાના પ્રસાર માટે છે. આ સામગ્રીનું સંપૂર્ણ અથવા આંશિક રીતે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમ દ્વારા, ભલે તે પ્રિન્ટ, ડિજિટલ, કોઈપણ સ્વરૂપમાં ઈલેક્ટ્રોનિક પ્રકાશન, ઈ-મેલ અથવા વેબ પ્રકાશનો અથવા અન્ય કોઈપણ મોડ દ્વારા પુનઃઉત્પાદન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન કરવાની સખત મનાઈ છે. કોઈપણ માધ્યમ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો બિનઅધિકૃત ઉપયોગ કરવા બદલ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહી થઈ શકે છે.

સ્થળઃ ગુજરાત સહી/- અધિકૃત અધિકારી
તારીખઃ ૦૮-૦૭-૨૦૨૬ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ